# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

**એપ્રિલ - ૨૦૨૬**

## વિશ્વ હોમિયોપેથિક દિવસ નિમિત્તે મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

**તારીખ ૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ વિશ્વ હોમિયોપેથિક દિવસ નિમિત્તે સ્નેહા ફાઉન્ડેશનના પ્રાંગણમાં નિયામકશ્રી, આયુષ કચેરી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા પંચાયત આયુષ કચેરી ભાવનગર અને સ્નેહા ફાઉન્ડેશનના સંયુકત આયોજનથી ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.**






**સ્થળ**

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust

આ કેમ્પનો મુખ્ય હેતુ સમાજના તમામ વર્ગના લોકો સુધી આરોગ્ય સેવાઓ સરળતાથી પહોંચાડવાનો અને હોમિયોપેથિક તથા આયુર્વેદિક સારવાર પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. કેમ્પ દરમિયાન હોમિયોપેથિક અને આયુર્વેદિક બંને પ્રકારની સારવાર સુવિધાઓ ઉપલબ્ધ રાખવામાં આવી હતી, જેમાં દર્દીઓને તેમની તકલીફ મુજબ યોગ્ય માર્ગદર્શન અને સારવાર આપવામાં આવી હતી.

આ કેમ્પમાં કુલ ૧૬૮ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. અનુભવી ડૉક્ટરો દ્વારા દર્દીઓનું નિરીક્ષણ કરી તેમની સમસ્યા મુજબ સલાહ આપવામાં આવી અને જરૂરી હોમિયોપેથિક તથા આયુર્વેદિક દવાઓ મફતમાં આપવામાં આવી હતી. આ કેમ્પમાં ડૉ. કશ્યપ રાજ્યગુરૂ, ડૉ. દિલીપ સવાણી, ડૉ. જયપાલસિંહ ગોહિલ, ડૉ. મનિષ મકવાણા, ડૉ. સમીર પનારા, ડૉ. વંદના મોરી તથા ડૉ. બીના ટોકરાળિયા ઉપસ્થિત રહ્યા હતા. દવા વિતરણમાં સહયોગ આપનાર રમેશભાઈ, ધર્મેશભાઈ અને રાકેશભાઈનો મહત્ત્વ પૂર્ણ ફાળો રહ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર આયુષ વિભાગ, તમામ ડૉક્ટરો અને સહયોગીઓનો સ્નેહા ફાઉન્ડેશન તરફથી હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.








# લર્નિંગ સેન્ટર

આ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના લર્નિંગ સેન્ટર અંતર્ગત બાળકોની વાર્ષિક પરીક્ષાનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાનો મુખ્ય હેતુ બાળકોના શૈક્ષણિક વિકાસનું મુલ્યાંકન કરવો અને તેઓએ વર્ષ દરમિયાન મેળવેલ જ્ઞાનને પારખવાનો હતો. પરીક્ષા દરમિયાન બાળકોમાં ઉત્સાહ અને ગંભિરતા જોવા મળી હતી. તમામ વિદ્યાર્થીઓએ નિયમિતતા સાથે પરીક્ષામાં ભાગ લીધો હતો. શિક્ષકો દ્વારા યોગ્ય માર્ગદર્શન અને વ્યવસ્થા રાખવામાં આવી હતી.

આ આયોજન દ્વારા બાળકોની પ્રગતિની સમજવામાં સહાય મળી અને ભવિષ્યમાં વધુ સુધારણા માટે જરૂરી દિશા નકકી કરવામાં આવી હતી.




## એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

એપ્રિલ ૨૦૨૬ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં વાર્ષિક પરિક્ષાનું આયોજન, સમર કેમ્પ વગેરે આયોજન કરવામાં આવ્યું હતું.

સમર કેમ્પમાં બાળકો અને શિક્ષકો દ્વારા વિજ્ઞાન પ્રયોગો, વિવિધ રમતો, ઉનથી તોરણ, મેમરી ગેમ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, શિસ્ત અને ટીમભાવના વિકસે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું હતું.

# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ● ફૂડ પેકેટથી થતા નુકશાન

તારીખ ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકોને ફુડ પેકેટ ખાવાથી થતા નુકશાન વિશે સમજાવવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દરમિયાન બાળકોને પેકેટમાં મળતા ખોરાકના ઉપયોગથી થતા નુકસાન વિશે વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. પેકેટ ફુડમાં વધુ પ્રમાણમાં મીઠું, તેલ, ખાંડ અને પ્રિઝર્વેટિવ્સ હોય છે, જે આરોગ્ય માટે હાનિકારક છે, નિયમિત રીતે આવા ખોરાકનું સેવન કરવાથી સ્થુળતા, દાંતની સમસ્યા, પાચન તકલીફો અને અન્ય આરોગ્ય સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

બાળકોને ફુડ પેકેટથી થતા નુકશાન વિશે જણાવવામાં આવ્યું હતું અને સાથે સાથે ઘરે બનાવેલું અને તાજું બનાવેલ ખોરાક શરીર માટે કેટલું લાભદાયક છે તે પણ સમજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાળકોને તાજા અને પૌષ્ટિક ખોરાકનું મહત્ત્વ સમજાવી તેમને સ્વસ્થ આહાર અપનાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતાં. બાળકોમાં જાગૃતિ લાવવા માટે આ પ્રવૃત્તિ ખુબ જ ઉપયોગી અને અસરકાકર સાબિત થઈ હતી.





## ● આંબેડકર જયંતિ

તારીખ ૧૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ડૉ. ભીમરાવ રામજી આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે પ્રેરણાદાયી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના બાળકોમાં ખુબ ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. રેલી દરમિયાન બાળકો દ્વારા વિવિધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને સમાજમાં સમાનતા, શિક્ષણ અને અધિકારો અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બાળકો હાથમાં બેનરો અને પ્લેકાર્ડ લઈને નારાઓ લગાવતા હતા. જેમાં બાબાસાહેબના વિચારોને ઉજાગર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય હેતું બાળકોમાં સામાજિક જાગૃતિ વધારવો અને ડૉ. ભીમરાવ રામજી આંબેડકરના આદર્શોને જીવનમાં અપનાવવા પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમના અંતે સંસ્થાના સભ્યો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી થયેલા તમામ બાળકલ અને સહયોગીઓનો હાર્દિક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.






## ● વર્લ્ડ બુક ડે

તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં વર્લ્ડ બુક ડે નિમિત્તે બાળકોને વિવિધ પ્રકારની પુસ્તકો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિલિયમ સેકસપીયરની રચનાઓ, આપણા ધાર્મિક ગ્રંથો તેમજ એ. પી. જે. અબ્દુલ કલામની પ્રસિદ્ધ પુસ્તક વિંગ્સ ઓફ ફાયર વિશે માહિતી આપવામાં આવી હતી.

બાળકોને વાંચનની આદત વિકસાવવાની જરૂરિયાત પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. પુસ્તકો જીવનમાં જ્ઞાન અને પ્રેરણાનો મુખ્ય સ્ત્રોત છે તે સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની વાર્તાઓ, જીવનચરિત્રો અને શૈક્ષણિક પુસ્તકો વાંચવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત, બાળકોને લાઈબ્રેરીના ઉપયોગ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું અને દરરોજ થોડો સમય વાંચન માટે ફાળવવાની સલાહ આપવામાં આવી હતી. બાળકો ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિમાં જોડાયા અને નવા વિષયો વિશે જાણીને આનંદ અનુભવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતું બાળકોમાં વાંચનની ટેવ વિકસાવવાનો અને પુસ્તકો પ્રત્યે રસ વધારવાનો હતો.





## ● સોશિયલ મીડિયા અવેરનેસ

તારીખ **૨૫ એપ્રિલ ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકો માટે **સોશિયલ મીડિયા અવેરનેસ** કાર્યક્રમનું ઓયજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળકોને સોશિયલ મીડિયા શુ છે અને તેનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તેની માહિતી આપવામાં આવી હતી.

બાળકોને સોશિયલ મીડિયાના ફાયદા તરીકે શૈક્ષણિક માહિતી મેળવવી, નવી બાબતો શીખવી અને મિત્રો સાથે જોડાયેલા રહેવા વિશે સમજાવવામાં આવ્યું હતું. તેમજ ગેરફાયદા તરીકે વધુ ઉપયોગથી સમયનો બગાડ, ખોટી માહિતીનો પ્રસાર અને વ્યકિતગત માહિતીની સુરક્ષા અંગેના જોખમો વિશે માહિતીગાર કરવામાં આવ્યા હતાં.

આ સાથે બાળકોને સોશિયલ મીડિયાનો જવાબદારીપૂર્વક અને સુરક્ષિત ઉપયોગ કરવા પ્રેરણા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા અને ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી હતી.





## તહેવારોની ઉજવણી

### ● હનુમાન જયંતી પર્વની ઉજવણી

તારીખ ૦૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં હનુમાન જયંતી નિમિત્તે બાળકોને ભગવાન હનુમાનજીના જીવન, તેમના પરાક્રમ, ભકિત અને સદાચાર વિશે વિગતવાર સમજાવવામાં આવ્યું હતું.

બાળકોને હનુમાન જયંતિનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ સમજાવી તેમને સારા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા અને પ્રશ્નોત્તરી દ્વારા પોતાની જિજ્ઞાસા વ્યકત કરી. સાથે-સાથે હનુમાન ચાલીસાના પાઠ અને ભજનો દ્વારા આધ્યાત્મિક માહોલ સર્જવામાં આવ્યો હતો.

અંતે, બાળકોને હનુમાનજી જેવા નિર્ભય, શ્રદ્ધાળુ અને સદાચારી બનવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.





## ● પરશુરામ જયંતી પર્વની ઉજવણી

તારીખ ૧૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં પરશુરામ જયંતિ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના બાળકોને વિવિધ પ્રકારના વ્યાયામ અને યોગાભ્યાસ કરાવવામાં આવ્યા હતાં, જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન યોગના શારીરિક અને માનસિક ફાયદાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જેમ કે શરીરની તંદુરસ્તી જાળવવામાં યોગનું મહત્ત્વ, મનને શાંત રાખવામાં તેની ભૂમિકા અને રોજિંદા જીવનમાં યોગ અપનાવવાની જરૂરિયાત, બાળકોને નિયમિત યોગ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી જેથી સ્વસ્થ અને સક્રિય જીવન જીવી શકે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.




# મદદનીશ સેન્ટર

## ● રેશન કીટ વિતરણ

સ્નેહા ફઉન્ડેશન દ્વારા માનવતા અને સેવા ભાવના સાથે આ અપંગ પરિવારને રેશન કીટની સહાય કરવામાં આવી હતી. પરિવારની દૈનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી અનાજ અને જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવામાં આવી હતી. ફાઉન્ડેશનનો હેતુ જરૂરિયાતમંદ પરિવારોને સહારો આપી તેમના જીવનમાં થોડી રાહત અને ખુશી લાવવાનો છે.




# તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરૂણાવસ્થા પ્રોજેકટ અંતર્ગત ડૉ. હાર્દિકભાઈ ખત્રી દ્વારા કુલ ૧૪૨ દિકરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

➤ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

**વર્ષ ૨૦૨૬ના એપ્રિલ મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | શ્રી પ્રાચીબેનના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૬ | ૨૪૫ | ૪૯૧ | શ્રી પ્રાચીબેન વ્યાસ |
| ૨. | સહખુશાલી સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૨ | ૨૪૬ | ૪૮૮ | શ્રી શરદભાઈ |
| ૩. | સ્વ. રાજુભાઈ ભાયાણીની પૂણ્ય તિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૩ | ૨૪૪ | ૪૮૭ | શ્રી યશ્વીબેન ભાયાણી |
| ૪. | સહખુશાલી સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | -- | -- | -- | શ્રી નીલાબેન ગાંધી |
| ૫. | સહખુશાલી સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૧ | ૨૪૫ | ૪૮૬ | શ્રી સેવા સત્કાર્ય ગ્રુપ |

## ➤ એપ્રિલ માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી પ્રાચીબેન વ્યાસ |
| ૨. | શ્રી યશ્વીબેન ભાયાણી |
| ૩. | શ્રી નીલાબેન ગાંધી |
| ૪. | શ્રી મેહુલભાઈ મહેતા<br>શ્રી ચિરાગભાઈ શાહ<br>શ્રી મનિષભાઈ ઠક્કર<br>શ્રી નરેન્દ્રભાઈ<br>શ્રી હિરેનભાઈ |

# મે-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો

| તારીખ | આયોજનની વિગત |
|---|---|
| ૦૧ મે ૨૦૨૬ | ગુજરાત સ્થાપના દિવસ વિશે માહિતી. |
| ૦૪ મે ૨૦૨૬ | આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ. |
| ૦૯ મે ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૧૬ મે ૨૦૨૬ | કલબલાટ સાંસ્કૃતિક કાર્યક્રમ. |
| ૨૨ મે ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૩૦ મે ૨૦૨૬ | વિશ્વ તમાકુ નિષેધ દિવસ કાર્યક્રમ. |













## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

UPI QR CODE

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**

૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust

**નોંધ:- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**